

"કૃષિ સંવર્ધન, કિસાન સશક્તિકરણ, લોકસેવા, સંસ્કારોનું જતન, શિક્ષણ જાગૃતતા તેમજ સમાજ-દેશનાં સર્વાંગી વિકાસનાં ઉદ્દેશ્યો અને સંકલ્પ સાથે દરેક પગલે દેશ-સેવા કરવા માટે હું તત્પર છું."



**- ચૌધરી પરથીભાઈ જેઠાભાઈ** કૃષિપ્રેરક | લોકસેવક | જનસુરક્ષાકર્મી



“ભારતની વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિ, આશાસ્પદ યુવાધન, સમૃધ્ધ કુદરતી સંપત્તિ ,ખેતી, જ્ઞાન અને લોકશાહી ભારતના વિકાસના આધારસ્તંભ સમાન છે, તેનું મજબૂતીકરણ અને જતન આપણી જવાબદારી છે, તેના પૂરક પરિબળોને લક્ષ્ય બનાવી ચાલો ભારતની વિકાસયાત્રાને આગળ ધપાવીએ.”

- સમાનતાના હકો
- શિક્ષણ અને રોજગારની તકો
- મહિલા અને બાળકોનો સર્વાંગી વિકાસ
- સ્વચ્છતાનો આગ્રહ
- અર્બન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ
- કૃષિક્રાંતિ અને પશુપાલન
- આરોગ્યલક્ષી સુવિધાઓ
- જળ સંચય - અમૃત સરોવર
- રૂરલ ડેવલપમેન્ટ

> **“કૃષિ, આરોગ્ય, શિક્ષણ, રોજગાર અને વ્યવસાયને કેન્દ્રમાં રાખી, સંબંધિત પ્રશ્નોના નિરાકરણ લાવી પ્રજા અને દેશનો સર્વાંગી વિકાસ સાધવો એજ લક્ષ્ય.”**



# ચૌધરી પરથીભાઈ જેઠાભાઈ (પી.જે.ચૌધરી)

ચેરમેન, બનાસ મેડીકલ કોલેજ | ડિરેક્ટર, બનાસ ડેરી
કૃષિપ્રેરક | લોકસેવક | ખેડૂતપુત્ર

| | |
|---|---|
| પિતાનું નામ: | ચૌધરી જેઠાભાઈ હાથીભાઈ |
| માતાનું નામ: | ચૌધરી ગનાનબેન જેઠાભાઈ |
| જન્મ તારીખ: | ૧ જૂન, ૧૯૫૭ |
| ઉંમર: | ૬૫ વર્ષ |
| જન્મ સ્થળ: | ડાંગીયા, તા.દાંતીવાડા, જિ. બનાસકાંઠા, ગુજરાત, પીનકોડ-૩૮૫૫૧૦ |
| પત્નીનું નામ: | શ્રીમતી મણીબેન પી. ચૌધરી |
| સંતાનના નામ: | ૧) ડો. કુલદીપ પી. ચૌધરી ઉંમર ૩૨ વર્ષ, એમ. ડી. રેડીયોલોજીસ્ટ<br>૨) રાકેશ પી. ચૌધરી ઉંમર ૧૬ વર્ષ, અભ્યાસ |
| સરનામું: | ૧) ઉત્તમપુરા(ડાંગીયા), તા. દાંતીવાડા, જિ. બનાસકાંઠા, ગુજરાત, પીનકોડ-૩૮૫૫૧૦ |

## કારકિર્દી

- **૧૯૮૧** – પી.એસ.આઈ.
- **૨૦૦૩** – પી.આઈ.
- **૨૦૧૧** – ડી.વાય.એસ.પી.
- **૨૦૧૫** – નિવૃત્તિ
- **૨૦૧૫** – ડિરેક્ટર, બનાસ ડેરી (બિનહરીફ)
- **૨૦૧૫** – પ્રમુખ ખડોસ ચૌધરી ઝલો દાંતીવાડા
- **૨૦૨૦** – ડિરેક્ટર, બનાસ ડેરી (બિનહરીફ)
- **૨૦૨૧** – ચેરમેન, બનાસ મેડીકલ કોલેજ, પાલનપુર પ્રમુખઃ ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ
- **૨૦૨૨** – ગુજરાત પ્રદેશ ભા.જ.પા. બક્ષીપંચ મોરચા પ્રદેશ કારોબારી આમંત્રિત સદસ્ય



**કૃષિ ક્રાંતિનાં આ સફળ પ્રયોગને બિરદાવતા ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ત્રણ વખત "કૃષિના ઋષિ" નું બિરુદ આપ્યું, સાથે સન્માન પત્ર અને રૂા.૨૫,૫૦૦/- ની રકમનો ચેક પણ અર્પણ કર્યો.**





# કિસાન અને કૃષિ વિકાસ

**" દેશની કૃષિ અને કિસાન બંનેની સમૃધ્ધિ અર્થે સતત નવાં સંશોધનો અને તેની માહિતી અને માર્ગદર્શન કિસાન સુધી પહોંચાડવા અગત્યના છે. વૈજ્ઞાનિક ઢબે ખેતી કરી મહત્તમ ઉત્પાદન મેળવી દેશના ખેડૂતને સશક્ત કરવાના સપનાને હકીકતમાં ફેરવવા વર્ષ ૨૦૧૦માં એક ખાસ પ્રયોગ હાથ ધર્યો. "**

## 'લેડી રોઝેટા' બટાટાનું વિક્રમસર્જક ઉત્પાદન

બનાસકાંઠાની ભૌગોલિક રચના અને વાતાવરણને પગલે અહીં પ્રોસેસિંગ ક્વોલીટીમાં જોઈએ તેટલાં કદ અને માત્રાનો બટાટાનો પાક લઇ શકાતો ન હતો. આ કારણસર ખેડૂત આ પ્રકારનાં બટાટાની ખેતીનું સાહસ માંડી વાળતો.

આ પરિસ્થિતિમાં બદલાવ લાવવા અને અશક્યને શક્યમાં પરિવર્તિત કરવાંનાં મક્કમ મનોબળ સાથે મેક્કેન ઇન્ડિયા પાસે બટાટાનાં પાક માટેની જરૂરી તાલીમ લીધી. જેમાં, યોગ્ય સમયગાળો, ચોક્કસ માત્રામાં ખાતર, ખેતરનું સુવિભાજન, ખેડાણ અને વાવણીમાં અંતર જેવી અવગણાયેલ બાબતોને કેન્દ્રમાં રાખી બટાટાની ખાસ પ્રજાતિ 'લેડી રોઝેટા'નું ઉત્પાદન લીધું, યોગ્ય સમયાંતરે કૃષિ તજજ્ઞોની હાજરીમાં નમુનાની તપાસ હાથ ધરી જેથી પાકની વૃધ્ધિ અને ગુણવત્તાનો ખ્યાલ આવ્યો અને આખરે લણણી વખતે બટાટાનું વિક્રમસર્જક ઉત્પાદન લેવું શક્ય બન્યું.

**આ પ્રયોગની સફળતા રૂપે, લેડી રોઝેટા બટાટાનું પ્રતિ હેક્ટર ૮૭.૧૮૮ મેટ્રિક ટનનું ઉત્પાદન મેળવી, નેધરલેન્ડે લીધેલો ૫૪ મેટ્રિક ટન પ્રતિ હેક્ટરનો વિશ્વવિક્રમને તોડ્યો.**





## વિદેશી ટેકનોલોજી અને માર્ગદર્શન

લેડી રોઝેટા બટાટાનાં ઉત્પાદનમાં મળેલી અસાધારણ સફળતા અને કૃષિ ક્રાંતિની યાત્રાને આગળ ધપાવવા; આધુનિક ખેતી પધ્ધતિઓ અને દેશ-વિદેશના કૃષિ તજજ્ઞો સાથે સતત સંપર્કમાં રહી બટાટાનાં પાકને વધુ ગુણવત્તાયુક્ત બનાવવાં માટેના સંશોધનો અને પ્રયાસો ચાલુ રાખ્યાં.






## નવતર પ્રયોગો

ખેડૂતમિત્રો અને ગ્રામવાસીઓનાં ઉત્સાહ અને અવિરત સહકારથી બટાટાનાં પાકની અન્ય વિદેશી પ્રજાતિઓનાં ઉત્પાદન લેવાનું પણ શરુ કર્યું, જેમાં મુખ્યત્વે ફ્રાયસોના અને સંટાના પ્રજાતિઓનો સમાવેશ થાય છે, જેમાં સફળતા પ્રાપ્ત થતા બીજા ખેડૂતોને પણ બટાટાનાં વિશિષ્ઠ પાક લેવા માટે નવી આશા અને પ્રેરણા મળી.







## કૃષિ શિબિર

બટાટાનાં પાક વિષે કેળવેલું જ્ઞાન, માહિતી અને લાભ બીજા ખેડૂતો સુધી પહોંચે અને તેઓ પણ બટાટાનો પાક લેવા માટે પ્રેરિત થાય તે માટે વિવિધ કૃષિ શિબિરો ગોઠવી તેમને સતત નવાં સંશોધનો અને પદ્ધતિઓથી માહિતગાર કર્યા. કૃષિ તજજ્ઞો સાથે મળી બટાટાની ખેતીમાં આવતી અડચણો અને ખામીઓ વિષે વિસ્તૃત ચર્ચાઓનું આયોજન કર્યું, જેથી ખેડૂત વગર નુકસાને મહત્તમ પાક ઉત્પાદન લઇ શકે.







“પરથીભાઈ, ચૌધરી સમાજ તરફથી મળેલા માન અને સન્માન મારા ખાતામાં જમા થઇ ગયું છે..! તેને સમય આવ્યે હું વ્યાજ સાથે પરત કરીશ.”

- ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ



## જનસેવા અને સમાજ વિકાસ

**“સેવા અને વિકાસકાર્યોની શરૂઆત હંમેશા ઘરઆંગણેથી થાય છે. સમાજની એકજુથતા અને પ્રશાસન સાથે સંવાદિતા જાળવી લોકો અને સરકાર વચ્ચેની સીધી કડી બની સમાજને મહત્તમ લાભ આપી શકાય છે. આ ઉદ્દેશ્યોને અંતરમાં રાખી નિરંતર સમાજસેવા કરવી એજ સંકલ્પ.”**

વર્ષ ૨૦૧૨માં ડાંગીયા ખાતે ‘ઓલ ઇન્ડિયા ચૌધરી સમાજ સંમેલન’ યોજ્યું, જેમાં દેશના ૧૩ રાજ્યોમાંથી લગભગ ૨ લાખ જેટલાં ચૌધરી ભાઈ-બહેનો તેમજ સમાજના મોભીઓ સહીત ભાજપનાં મંત્રીશ્રીઓ, સાંસદ સભ્યો તેમજ ધારાસભ્યોશ્રીએ પણ હાજરી આપી. આ સંમેલનમાં કન્યા કેળવણી માટે રૂ.૧,૧૧,૧૧૧ /- ની રકમનો ચેક મુખ્ય મહેમાન, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને અર્પણ કર્યો હતો.







## ૧૦૮ કુંડી મહાયજ્ઞ

'બેટી બચાઓ, બેટી ભણાવો' ના ઉદ્દેશ્યને સાકાર કરવાં અને આ સંદેશ દેશ-સમાજના દરેક વ્યક્તિ સુધી પહોંચાડવાનાં પ્રયાસરૂપે વર્ષ ૨૦૧૬માં અચલેશ્વર મહાદેવ ટ્રસ્ટ ખાતે, બનાસકાંઠા જીલ્લાની ૧૧૦૦થી વધુ દિકરીઓને બોલાવી તેમનું પૂજન કરી ભોજન કરાવ્યું અને દક્ષિણા આપી; સાથે અકાળે મૃત્યુ પામેલાં કિસાનો અને સૈનિકોનાં આત્માને શાંતિ મળે તે માટે ૧૦૮ કુંડી મહાયજ્ઞનું આયોજન કર્યું. જેમાં દાંતીવાડા, ધાનેરા, પાલનપુર, ડીસા વગેરે તાલુકાના ૧,૫૦,૦૦૦ જેટલા ધર્મપ્રેમી શ્રદ્ધાળુઓએ ભાગ લીધો.












## પ્રજા અને સમાજ વચ્ચેની કડી

૯ - ધાનેરા વિધાનસભા વિસ્તારના બુથ કક્ષાથી લઇ જીલ્લા ભાજપ પ્રમુખ સુધીના અધિકારીઓ અને હોદ્દેદારોની બેઠકો યોજી, પ્રજાકલ્યાણ અર્થે ચાલી રહેલી સરકારની યોજનાઓ અને સિધ્ધીઓની સુવાસ સર્વે સુધી પહોચે તેવાં પ્રયાસો કર્યા. તાલુકા તથા જીલ્લા ભાજપની કારોબારી મીટીંગોમાં નિયમિત હાજર રહી પક્ષના ઉદ્દેશ્યો અને પ્રદેશ કક્ષાથી આવતા આદેશોનું પાલન કરાવ્યું. ઉત્તમપુરાની પોતાની અલગ ગ્રામ પંચાયત મંજુર કરાવી તેમજ અત્યાર સુધી સમરસ પણ કરાવી. ગામમાં પાકા રસ્તા, પાણીની ઓવરહેડ/અંડર ગ્રાઉન્ડ ટેંક, કમ્પાઉન્ડ વોલ,પ્રાથમિક શાળા, મોડેલ ડે-સ્કુલ જેવાં ઇન્ફ્રાસ્ટ્રકચર સંબંધિત લગભગ રૂ. ૨૦ કરોડથી વધુનાં વિકાસલક્ષી કાર્યો કરાવ્યા.









## વૃક્ષ મહાઅભિયાન

બનાસકાંઠાને હરિયાળું બનાવવા અને લોકોમાં પર્યાવરણ વિષે જાગૃતિ લાવવાના આશયથી, 'વૃક્ષ મહાઅભિયાન'નું આયોજન કર્યું, જેમાં તમામ ગ્રામજનો અને શાળાના બાળકો મળીને ૧૫,૧૧,૧૧૧ જેટલાં વૃક્ષોની વાવણીમાં સહભાગી થયાં







## શિક્ષણ અને આરોગ્ય



ઉત્તમપુરા પ્રાથમિક શાળાનાં નવાં મકાન માટે રૂ. ૪ કરોડની મંજુરી મેળવી ગ્રીન પ્રાથમિક શાળાની શરૂઆત કરી.

**શિક્ષણક્ષેત્રે રૂ. ૨૦ કરોડના મૂલ્યનાં કાર્યો સાર્થક કરાવ્યાં જેમાં,**

ઉત્તમપુરા ગ્રીન પ્રાથમિક શાળા - **રૂ. ૪ કરોડ**, મોડેલ ડે સ્કૂલ (નિર્માણ આધિન) - **રૂ. ૧૨ કરોડ**, ઉત્તમપુરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - **રૂ. ૧ કરોડ** રસ્તા, પાણીની ટાંકી અને કંપાઉન્ડ વોલ જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત નિર્માણ - **રૂ. ૩ કરોડ.**



જેગોલ બી.સી. ચૌધરી માધ્યમિક વિદ્યાલયમાં એચ-૧ એન-૧ સામે રક્ષણ આપતા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ .



વડગામ આર્ટસ કોલેજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન સમારંભ.



સરદાર કૃષિનગર વિદ્યાલય, દાંતીવાડા આયોજિત ખેલ મહાકુંભ.

## ડેરી અને પશુપાલન

તાલુકાના પશુપાલકોના અતુટ વિશ્વાસ અને લાગણીનાં પ્રતાપથી ફરીવાર વર્ષ ૨૦૨૦માં બનાસ ડેરીના નિયામક મંડળની ચૂંટણીમાં બિનહરીફ વિજય પામી ડેરીના ડિરેક્ટરની પદવી સંભાળી.

**ભારતના માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વરદ્ હસ્તે બનાસકાંઠાના દિયોદર ખાતે નવિન બનાસ ડેરી સંકુલનું લોકાર્પણ થયું અને યશસ્વી વડાપ્રધાનશ્રીના લોકસભા ક્ષેત્ર ઉત્તરપ્રદેશના વારાસણી ખાતે બનાસ કાશી સંકુલ નું ખાત મુહુર્ત કરવામાં આવ્યું.**









# આરોગ્ય અને જન સુવિધા

૨૦૨૧ થી બનાસ મેડીકલ કોલેજના ચેરમેન તરીકે ચાર્જ સંભાળેલ ત્યારે સમગ્ર ભારતમાં કોરોના કાળ ચાલી રહયો હતો. બનાસવાસીઓની જીવાદોરી સમાન પાલનપુર સિવીલ જનરલ હોસ્પિટલમાં કોરોના દરમ્યાન ૫૦૦૦ થી વધુ લોકોની ભોજન સાથેની મફત સારવારની વ્યવસ્થા કરી સિવીલ હોસ્પીટલ ને આત્મનિર્ભર બનાવવા માટે કોરોનાકાળ દરમ્યાન બનાસકાંઠા સહિત રાજસ્થાનના દર્દીઓ માટે ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી ૮ કરોડથી વધુ રકમની મેડીકલ સુવિધાઓ ઉભી કરવામાં આવી.

















# બનાસકાંઠાની પૌરાણિક વાવોનું પુનઃનિર્માણ

**જળસંચય અભિયાન અંતર્ગત અમૃત સરોવરની સાથોસાથ બનાસકાંઠા જીલ્લાની વિવિધ પૌરાણીક વાવોને પુનર્જીવિત કરવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું.**









## બનાસકાંઠા અતિવૃષ્ટિ રાહતકાર્ય - ૨૦૧૭

અતિવૃષ્ટિ બાદ બનાસકાંઠાની મુલાકાતે આવેલાં ગુજરાતનાં માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે રહી, તેમને અસરગ્રસ્ત સ્થળો પર લઇ જઇ લોકોની પરિસ્થિતિ અને સંજોગોથી માહિતગાર કર્યા.









**જુલાઈ ૨૦૧૭માં બનાસકાંઠામાં સર્જાયેલી વિનાશકારી અતિવૃષ્ટિ વખતે ગ્રામજનો, ભાજપ કાર્યકરો, સંસ્થાઓ તથા સરકાર સાથે એકજુટ થઇ વિવિધ સંકલન સમિતિઓની રચના કરી રાહતકાર્યો હાથ ધર્યા અને અસરગ્રસ્ત ગામોમાં જઈ મદદ પહોંચાડી.**

## વ્યસનમુક્તિની લડત

સમાજમાં વ્યસનને કારણે ધીમા પગલે પેસી રહેલી આર્થિક, સામાજિક અને શારીરિક-માનસિક બરબાદી વિષે લોકોને જાગૃત કરવાનાં સઘન પ્રયાસો હાથ ધર્યા. ધાનેરા વિધાનસભા મત વિસ્તારના ૧૩૪ ગામોમાં વ્યસનમુક્તિ યાત્રા કાઢી, ગામેગામ જઈ લોકોને તમાકુ-દારુ જેવી જીવલેણ આદતોથી દુર રહી સ્વસ્થ જીવન અપનાવવાની વિનંતી કરી.







## પોલીસ કારકિર્દી

**"દેશસેવાની અદમ્ય ભાવના બાળપણથી જ અંતરમાં ઉછરી રહી હતી. આ સપનું સાર્થક કરવા, ભણતર પૂરું થતાં જ વર્ષ ૧૯૮૧ માં પી.એસ.આઈ.ની નોકરી મેળવી. ૩૫ વર્ષની સુદીર્ઘ કારકિર્દીમાં ચેતક કમાન્ડો ફોર્સ, લાંચ-રૂશ્વત વિરોધી બ્યૂરો તેમજ સિવિલ ડિફેન્સમાં કામગીરી બજાવી."**

લગભગ ૧ લાખથી વધુ નાગરિકો, વિદ્યાર્થીઓ, કાર્યકરો અને પદાધિકારીઓને નાગરિક સુરક્ષા, યુદ્ધ સમયની આંતરિક સુરક્ષા, કુદરતી આફત સમયે સંચાલન, આપત્તિ સમયે સ્વબચાવની તાલીમ, વિપરિત પરિસ્થિતિઓમાં સૈન્ય અને અન્ય એજન્સી સાથે સંકલન તેમજ પુન:વસવાટ જેવા અગત્યના વિષયો અંગે તાલીમ આપી.

**સમગ્ર કાર્યકાળ દરમ્યાન નિષ્કલંક અને ઉચ્ચ કામગીરી બદલ પોલીસ અધિકારીઓ હસ્તે ૩૦૦ જેટલાં ઈનામો એનાયત થયા.**

### ચેતક કમાન્ડો ફોર્સ

વર્ષ ૨૦૧૨ દરમ્યાન, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં સુરક્ષા દળમાં નિમણુક થઇ. ચેતક કમાન્ડો તાલીમના નવતર પ્રયોગો હાથ ધરી ફોર્સને સુસજ્જ બનાવી.

# અમૃત સરોવર

**જળસંચય અભિયાન અંતર્ગત ગલબાભાઈ નાનજીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબે સણાદર ખાતે ડેરીના ઉદ્‌ઘાટન પ્રસંગે બનાસકાંઠામાં ૭૫ અમૃત સરોવર બનાવવાનું આહ્‌વાન કરેલ તે અંતર્ગત લોક ભાગીદારીથી જીલ્લામાં ૧૩૪ તળાવ બનાવ્યા જેનો ફાયદો સુકા પ્રદેશ તરીકે ઓળખાતા બનાસકાંઠાને આ તળાવોમાં વરસાદી પાણી ભરાવાથી વર્ષોથી જે પાણીના તળ નીચા ગયા હતા તે ઉંચા આવ્યા અને જુના બોરવેલો પણ રીચાર્જ થયા જેનો ફાયદો ખેડુતોને સિંચાઈ માટે અને પશુપાલનના વ્યવસાયમા થયો.**








## દીર્ઘદષ્ટિઃ

જીલ્લાનો વિકાસદર ઉત્તરોત્તર વધારી, તેને વિકાસશીલ દેશોની પ્રથમ હરોળમાં મૂકવું.

કૃષિ અને પશુપાલનને સંપૂર્ણપણે સ્વાવલંબી બનાવવાં

યુવાધનમાં શિક્ષણની સાથોસાથ 'સ્કીલ ડેવલપમેન્ટ'ની મહત્તા પણ વધારવી

પ્રદેશનું માનવ-સંસાધન વધુ સશક્ત અને સમૃધ્ધ બનાવવું

પ્રાથમિક શિક્ષણ તથા દિકરીઓનું શિક્ષણ ફરજીયાત બનાવવું

બનાસકાંઠામાં ઉચ્ચ કક્ષાની યુનિવર્સીટીની સ્થાપના કરવી

બનાસકાંઠામાં પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે પ્રયાસો હાથ ધરવા

સ્વચ્છ ભારત અભિયાનમાં જોડાવા માટેનું યોગ્ય માર્ગદર્શન આપવું

પશુપાલન અને ખેતી ક્ષેત્રે આધુનિક તકનીકો અપનાવી ખેડૂતોની આવક બમણી થાય તેવા પ્રયાસો કરવાં

બનાસકાંઠાને દરેક ક્ષેત્રે સમૃધ્ધ કરવાનાં પ્રયાસો કરવાં.

બનાસકાંઠામાં સૈનિક સ્કૂલ શરૂ કરવી.

**"ભારત માતાકી જય"**
**"જય જય ગરવી ગુજરાત"**


# ચૌધરી પરથીભાઈ જેઠાભાઈ (પી.જે.ચૌધરી)

ચેરમેન, બનાસ મેડીકલ કોલેજ | ડિરેક્ટર, બનાસ ડેરી | કૃષિપ્રેરક | લોકસેવક | ખેડૂત પુત્ર

Mob. **98256 09449** /parthibhaichaudhary01 /parthibhai pjchaudhary_ind